## ભરૂચના વરેડિયામાં બાઈકને અકસ્માત, બે બાળકનાં મોત

**અજાણ્યા** વાહનની અડફેટે બાઈક ચાલકને ગંભીર ઈજા

ભરૂચ: ભરૂચ જિલ્લામાંથી પસાર થતા રાષ્ટ્રીય ધોરી માર્ગ નં.48 પર આવેલા વરેડિયા ગામ નજીક ગત રાત્રે અકસ્માતમાં બે બાળકોનાં મોત નીપજતાં આખા વિસ્તારમાં ભારે અરેરાટી ફેલાઈ ગઈ છે. ગત રાત્રે વરેડિયા ગામ નજીક આવેલી ભૂખી ખાડીના પુલ પરથી પસાર થઈ રહેલા એક અજાણ્યા વાહનચાલકે બાઈકને જોરદાર ટક્કર મારી હતી. આ ગોઝારા અકસ્માતમાં બાઈક પર સવાર મંથન (ઉં.વ.6) અને કૃષ્ણા કુમાર (ઉં.વ.14) વાહનનાં ટાયર નીચે આવી જતાં ઘટના સ્થળે જ તેમનાં મોત થયાં હતાં. જ્યારે બાઈક ચલાવી રહેલા અલ્પેશભાઈને પગ અને શરીરના અન્ય ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. ઘટનાની જાણ થતાં જ પાલેજ પોલીસનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. પોલીસે બંને મૃતકના મૃતદેહનો કબજો લઈ પોસ્ટમોર્ટમ માટે પાલેજ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખસેડ્યા હતા. અકસ્માત અંગે ઈજાગ્રસ્ત અલ્પેશભાઈએ પાલેજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે તાત્કાલિક તપાસ શરૂ કરી દીધી છે. પોલીસે અજાણ્યા વાહનચાલકની શોધખોળ હાથ ધરી છે.

## ઈલાવ ગામે પાવર ગ્રીડ લાઈનનો વિરોધ

**ગેરકાયદે** વાહન પ્રવેશથી ખેતીને નુકસાનનો આક્ષેપ

અંકલેશ્વર: હાંસોટના ઈલાવ ગામે પાવરગ્રીડ લાઈનના કામને લઈ ખેડૂતોનો વિરોધ ફરી એકવાર ઉગ્ર બન્યો છે. ખેડૂતોએ આક્ષેપ કર્યો હતો કે પાવરગ્રીડ ટાવરના કામ માટે તેમની મંજૂરી વિના ખેતરોમાં ગેરકાયદે રીતે રસ્તા બનાવી ભારે વાહનો અને મશીનરીની અવરજવર કરાતાં ખેતીની જમીનને વ્યાપક નુકસાન થઈ રહ્યું છે.

વડોદરાથી સુરત જિલ્લાના ઓલપાડ સુધી જતી પાવરગ્રીડ લાઈન અંતર્ગત ટાવર ઊભા કરવાની


પ્રવીણ તેરૈયા

કામગીરી ચાલી રહી છે. આ કામગીરીના વિરોધમાં આશરે ૫૦ જેટલા ખેડૂતો એકત્રિત થઈ વિરોધ પ્રદર્શન કર્યું હતું. ખેડૂતોનું કહેવું છે કે તેમની પૂર્વ મંજૂરી વિના કોઈપણ પ્રકારની કામગીરી કરવામાં ન આવે તેમજ ખેતરોને થયેલા નુકસાનનું યોગ્ય વળતર તાત્કાલિક ચૂકવવામાં આવે. વિરોધ પ્રદર્શન દરમિયાન સ્થિતિ તંગ બનતાં કાયદો અને વ્યવસ્થા જાળવવા પોલીસને સ્થળ પર બોલાવવાની ફરજ પડી હતી. ખેડૂતો દ્વારા અગાઉ પણ બે વખત યોગ્ય વળતરની માંગ સાથે પાવરગ્રીડ લાઈનના કામનો વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. તેમ છતાં હજુ સુધી તેમના પ્રશ્નોનું કોઈ સંતોષકારક નિરાકરણ આવ્યું નથી. હાલ ખેડૂતો અને કંપની વચ્ચેનો વિવાદ યથાવત રહેતાં ખેડૂતો દ્વારા કામનો વિરોધ ચાલુ રાખવામાં આવ્યો છે. તંત્ર આ મામલે હસ્તક્ષેપ કરી ખેડૂતોને ન્યાય મળે અને યોગ્ય નિરાકરણ લાવે તેવી માંગ ઊઠી રહી છે.

## લીમોદરા ગામે સોલાર પ્રોજેક્ટમાંથી રૂ.૧૮.૫૦ લાખના કોપર વાયરની ચોરી

**૧૮,૦૦૦** મીટર વાયર ગાયબ જણાતાં પોલીસ ફરિયાદ

હથોડા: લીમોદરામાં ચાલી રહેલા એક મોટા સોલાર પ્રોજેક્ટના સાઈટ પરથી બે અલગ-અલગ દિવસોમાં તસ્કરો અંદાજે રૂ.૧૮,૫૦,૦૦૦ની કિંમતનો ૧૮,૦૦૦ મીટર ડી.સી. કેબલ કોપર વાયર ચોરી કરી રફુચક્કર થઈ ગયા છે. આ અંગે પ્રોજેક્ટના ડાયરેક્ટરે પાલોદ પોલીસ મથકમાં અજાણ્યા ચોરો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

સુરતના અડાજણ વિસ્તારમાં રહેતા અને સોલેન્સ એનર્જી પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં ડાયરેક્ટર તરીકે ફરજ બજાવતા નિલેશ મહેશભાઈ શાહે ફરિયાદમાં જણાવ્યું હતું કે, કંપની દ્વારા લીમોદરા ગામની સીમમાં આવેલા સરવે નં.૨૨૫ અને ૨૨૬ની જમીન પર સોલાર પ્રોજેક્ટ લગાવવાનું કામ ચાલી રહ્યું છે. આ ખુલ્લા ખેતરમાં સોલાર સિસ્ટમનો કીમતી સામાન રાખવામાં આવ્યો છે, જેની દેખરેખ સુપરવાઈઝર વિક્રમભાઈ ઠાકોર અને અન્ય મજૂરો રાખે છે. પ્રથમ ચોરી ગત તા.૨૧/૫/૨૦૨૬ના રોજ રાત્રે ૫ વાગ્યાથી તા.૨૨/૫/૨૦૨૬ના સવારના ૯ વાગ્યા દરમિયાન થઈ હતી. તસ્કરો સોલાર પેનલથી ઈન્વર્ટરમાં વપરાતો ૬ સ્ક્વેર એમ.એમ.નો ડી.સી. કેબલ કોપર વાયર આશરે ૧૨,૦૦૦ મીટર ચોરી ગયા હતા. તે સમયે ડાયરેક્ટર રાજકોટ સાઈટ પર હોવાથી ફરિયાદ વિલંબિત થઈ હતી. ત્યારબાદ ગત તા.૯/૬/૨૦૨૬ની રાત્રિથી તા.૧૦/૬/૨૦૨૬ના સવાર દરમિયાન ફરીથી તસ્કરોએ આ જ સાઈટને નિશાન બનાવી વધુ ૬,૦૦૦ મીટર વાયરની ચોરી કરી હતી.

કંપનીના ભાગીદાર ચિંતનભાઈ શાહ અને સ્ટાફ દ્વારા તપાસ કરાતા કુલ ૧૮,૦૦૦ મીટર વાયર ગાયબ જણાતાં આખરે પાલોદ પોલીસનો સંપર્ક કરવામાં આવ્યો હતો. પોલીસે અજાણ્યા ચોર વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ઉમરપાડાના દિવતણ ગામે વાડ બનાવવા બાબતે દંપતી પર હુમલો

**‘વાડો** અમારો છે, તમે અહીં વાડ કેમ બનાવો છો?’ કહી કાકાએ ભત્રીજા અને તેની પત્ની પર હુમલો કર્યો

વાંકલ: ઉમરપાડાના દિવતણ ગામે નિશાળ ફળિયામાં વાડાની વાડ બનાવવા બાબતે સગા કાકાએ પોતાના જ ભત્રીજા અને તેની પત્ની પર હુમલો કર્યો હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. આ હુમલામાં ભત્રીજા અને તેની પત્નીને ગંભીર ઈજા પહોંચતા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે, જ્યારે પોલીસે આ અંગે કાયદેસરની ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

ઉમરપાડાના દિવતણ ગામના નિશાળ ફળિયામાં રહેતા અજીતભાઈ નરસિંહભાઈ વસાવા પોતાના વાડામાં પત્ની મીનાબેન સાથે વાડ બનાવી રહ્યા હતા. દરમિયાન તેમના સગા કાકા ભાલુસિંગભાઈ ગોવિંદભાઈ વસાવા ત્યાં આવી પહોંચ્યા હતા અને ‘આ વાડો અમારો છે, તમે અહીં વાડ કેમ બનાવો છો?’ તેમ કહી ગાળો આપવા લાગ્યા હતા. ઝઘડો વધતાં કાકા ભાલુસિંગભાઈ ઉશ્કેરાઈ ગયા હતા અને લાકડીનો દંડો લઈ આવી ભત્રીજાને મારી દીધો હતો. આ સમયે અજીતભાઈનાં પત્ની મીનાબેન પતિને બચાવવા વચ્ચે પડતાં ઉશ્કેરાયેલા કાકાએ તેમના પર પણ હુમલો કરી બંને હાથ પર લાકડીના સપાટા ઝીંકી દીધા હતા. આ હુમલા દરમિયાન કૌટુંબિક ભાઈ આનંદભાઈએ વચ્ચે પડી મામલો થાળે પાડ્યો હતો. જતા-જતા આરોપી કાકાએ બંનેને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી.

હુમલા બાદ ઈજાગ્રસ્ત દંપતીને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ઉમરપાડા સરકારી દવાખાને પ્રાથમિક સારવાર માટે લઈ જવામાં આવ્યું હતું. જ્યાં મીનાબેનની તબિયત વધુ ગંભીર જણાતાં અને બંને હાથમાં ગંભીર ઈજા હોવાના કારણે તેમને વધુ સારવાર અર્થે સુરત સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યાં છે. આ સમગ્ર મામલે ઉમરપાડા પોલીસે અજીતભાઈ વસાવાની ફરિયાદના આધારે કાકા ભાલુસિંગભાઈ વસાવા વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## પલસાણામાં રોડ ક્રોસ કરતા બે યુવકનાં અજાણ્યા વાહન અડફેટે મોત

**અકસ્માત** સર્જ્યા બાદ અજાણ્યો વાહન ચાલક ફરાર, ગુનો નોંધાયો

પલસાણા: પલસાણા ગામની સીમમાં નેશનલ હાઈવે નં.48 પર પૂરઝડપે દોડતા એક અજાણ્યા વાહન ચાલકે રોડ ક્રોસ કરી રહેલા બે મિત્રને અડફેટે લીધા હતા. આ અકસ્માતમાં એક યુવકનું ઘટના સ્થળે, જ્યારે બીજા યુવકે હોસ્પિટલમાં ટૂંકી સારવાર દરમિયાન દમ તોડ્યો હતો. અકસ્માત સર્જ્યા બાદ અજાણ્યો વાહન ચાલક પોતાનું વાહન લઈ ફરાર થઈ ગયો હતો.

ઉત્તરપ્રદેશના કાનપુર જિલ્લાના વતની અને હાલ પલસાણા ગામમાં સાબર હોટેલની પાછળ સૂર્યાન્શી બિલ્ડિંગમાં રહેતા જતીન શિવકરણ નિષાદ અને તેનો મિત્ર વિકાસ બિરેન્દ્ર ગત તા.12/6/2026ના રોજ રાત્રે આશરે સાડા આઠ વાગ્યાની આસપાસ પલસાણા ખાતે આવેલી દુર્ગા કોલોની સામેથી પસાર થતાં મુંબઈ-અમદાવાદ નેશનલ હાઈવે નં.48 ક્રોસ કરી રહ્યા હતા. દરમિયાન મુંબઈ તરફથી અમદાવાદ તરફ જઈ રહેલા એક અજાણ્યા વાહનના ચાલકે પોતાના કબજાનું વાહન પૂરઝડપે હંકારી આવી બંને મિત્રને ટક્કર મારી હતી. આ અકસ્માત એટલો ભયાનક હતો કે જતીન નિષાદનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું. જ્યારે તેના મિત્ર વિકાસને ગંભીર હાલતમાં 108 એમ્બ્યુલન્સ મારફતે તાત્કાલિક સુરત શહેરની નવી સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. જો કે, તેની ઈજાઓ પણ ગંભીર હોવાથી સારવાર દરમિયાન ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. આ ઘટના અંગે ઓલપાડના સાયણ ખાતે આવેલી કાપડની કંપનીમાં નોકરી કરતા અને મૃતક જતીનના મામા ઉમેશકુમાર રામબિહારી નિષાદને તેમના પરિચિત દ્વારા ફોન પર જાણ થઈ હતી. તેઓ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતા. ત્યારબાદ તેમણે પલસાણા પોલીસ સ્ટેશનમાં આવી આ મામલે અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. પલસાણા પોલીસે આ મામલે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## કોયલીવાવ નજીક અકસ્માતમાં યુવકનું મોત

ભરૂચ: ડેડિયાપાડાના કોડવાવ અને શિંગલવાણ ગામ વચ્ચે સાંજે અકસ્માત સર્જાયો હતો. મોસ્કુવા ગામના ૨૧ વર્ષીય સંજય મગનભાઈ વસાવા પોતાની કેટીએમ બાઈક નં.(નં. GJ-22-AA-6506) લઈ ખેતરેથી પરત ફરી રહ્યા હતા, ત્યારે ખેરનાં લાકડાં ભરીને નેત્રંગ તરફ જતાં ટ્રેક્ટર નં.(GJ-22-A-5048)ના ચાલકે ગફલતભરી રીતે અચાનક બ્રેક મારતાં ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં સંજયને માથા અને ગળાના ભાગે ગંભીર ઈજા પહોંચતા ડેડિયાપાડા સરકારી દવાખાને મૃત જાહેર કરાયો હતો. અકસ્માત સર્જી ટ્રેક્ટર ચાલક વાહન છોડી ફરાર થઈ ગયો હતો. મૃતકના પિતાએ ડેડિયાપાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## તલોદરા ગામમાં દીપડાએ શ્વાનનો શિકાર કર્યો

ભરૂચ, ઝઘડિયા: ઝઘડિયાના તલોદરા ગામમાં દીપડાના વધતા હુમલાથી ભારે ભયનો માહોલ છે. તાજેતરમાં ગામના અગ્રણી દિનેશભાઈ વસાવાના ફાર્મ હાઉસમાં રાત્રે ત્રાટકેલા દીપડાએ તેમના પાલતુ શ્વાનને ફાડી ખાધો હતો.

શેરડીનાં ખેતરો અને પાણીની સુવિધાને કારણે આ વિસ્તારમાં દીપડાઓનો વસવાટ વધ્યો છે. આ ઘટનાથી સ્થાનિક ખેડૂતો અને ગ્રામજનોમાં રાત્રિના સમયે બહાર નીકળતા ડર વ્યાપી ગયો છે. ભયભીત લોકોએ વનવિભાગને જાણ કરી દીપડાને તાત્કાલિક પાંજરે પૂરવામાંગ કરી છે.

## કોડવાવ પાસે બે બાઈક અથડાતાં એક ચાલકનું મોત, બીજો ગંભીર

નેત્રંગ: નેત્રંગ-ડેડિયાપાડા રોડ પર કોડવાવ ગામના બસ સ્ટેન્ડ નજીક બે બાઈક વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં એક બાઈક ચાલકનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે, જ્યારે અન્ય એક ચાલક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો છે. મળતી માહિતી મુજબ મૂળ પંચમહાલના ગોધરા અને હાલ ડેડિયાપાડા ખાતે રહેતા રવિભાઈ મણીલાલ પાટીલ ગતરોજ પોતાની બાઈક લઈ ડેડિયાપાડાથી નેત્રંગ તરફ આવી રહ્યા હતા. દરમિયાન કોડવાવ ગામના બસ સ્ટેન્ડ પાસે સામેથી આવતી અન્ય એક બાઈક સાથે તેમની બાઈક ધડાકાભેર અથડાઈ હતી. અકસ્માત એટલો જોરદાર હતો કે બંને બાઈક ચાલકો રોડ પર પટકાતાં તેમને શરીરે ગંભીર ઈજા પહોંચી હતી.

આ ઘટનાને પગલે આસપાસના સ્થાનિક લોકો તાત્કાલિક દોડી આવ્યા હતા અને બંને ઈજાગ્રસ્તને સારવાર અર્થે નેત્રંગ સરકારી દવાખાને ખસેડ્યા હતા. જ્યાં રવિભાઈ પાટીલનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. જ્યારે અન્ય બાઈક ચાલકની હાલત અત્યંત નાજૂક હોવાથી તેને વધુ સારવાર માટે રાજપીપળાની હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યો હતો. આ અકસ્માત અંગે મૃતકની પત્ની દિર્ગેશ્વરીબેન પાટીલે નેત્રંગ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ ઘટના અંગે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.


વિશાલ પટેલ

## કામરેજ કેળાં મંડળીની સાધારણ સભામાં પ્રમુખનું રાજીનામું મંજૂર

**પ્રમુખ** તરીકે નવીનભાઈ પટેલની વરણી

કામરેજ: કામરેજ ચાર રસ્તાના ઉમામંગલ હોલમાં શનિવારે સવારે ૯:૩૦ કલાકે ‘ધી કામરેજ વિભાગ કો.ઓપ. ફ્રૂટ એન્ડ વેજિટેબલ ગ્રોઅર્સ સોસાયટી’ (કામરેજ કેળા મંડળી)ની ૬૯મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ હતી. સુગર ફેક્ટરીઓ બાદ ૪૬૦૦થી વધુ સભાસદો ધરાવતી આ મંડળીની સભામાં મોટી સંખ્યામાં સભાસદો ઉપસ્થિત રહ્યા હતા.

સભાની શરૂઆતમાં વેપારીઓ દ્વારા કાપવામાં આવતાં કેળાં બાબતે વિસ્તૃત ચર્ચા થઈ હતી. આ ઉપરાંત, ગ્રોસરી વિભાગમાંથી ઘરવપરાશનો માલસામાન સભાસદોને ઉધારીમાં આપવા અંગે ચર્ચા વિચારણા કરી સાધારણ સભા દ્વારા તેને મંજૂરી આપવામાં આવી હતી. એજન્ડા પરનાં નવ કામના વાંચન દરમિયાન સંસ્થાના વર્તમાન પ્રમુખ જગદીશ ઝવેરભાઈ પટેલ (ભૈરવ)ના અગાઉ આપેલા રાજીનામાનો મુદ્દો સામે આવતાં જ સભામાં ભારે ગરમાવો આવી ગયો હતો. ભારે ખેંચતાણ અને ચર્ચાના અંતે સભાસદો દ્વારા પ્રમુખ જગદીશ પટેલનું રાજીનામું મંજૂર કરી લેવામાં આવ્યું હતું. રાજીનામું મંજૂર થયા બાદ તુરંત જ સભામાં ઉપસ્થિત સભાસદો દ્વારા નવા પ્રમુખની ચૂંટણી પ્રક્રિયા હાથ ધરાઈ હતી. જેમાં વિસ્તારના અગ્રણી, કામરેજ સુગરના માજી પ્રમુખ અને કામરેજ વિભાગ ખેતીપાક રૂપાંતર અને વેચાણ કરનારી સહકારી મંડળીના પ્રમુખ નવીનભાઈ નારણભાઈ પટેલના નામની આગામી બે વર્ષ માટે પ્રમુખ તરીકે સર્વાનુમતે વરણી કરાઈ હતી. નવા પ્રમુખની જાહેરાત થતાં જ મામલો થાળે પડ્યો હતો અને ઉપસ્થિત સભાસદોએ નવીનભાઈ પટેલને પુષ્પગુચ્છ આપી અભિનંદન પાઠવ્યાં હતાં.

## બારડોલી નાગરિક બેંકને ફરી રાષ્ટ્રીય કક્ષાના 3 એવોર્ડ મળ્યા

**બેંકના** વિકાસ દરને 20% સુધી પહોંચાડવા માટે યોજના બનાવાઈ

બારડોલી: ૧૭ હજારથી વધુ સભાસદોના અતૂટ વિશ્વાસ સાથે બારડોલી, મઢી, વ્યારા અને નવસારી વિસ્તારોમાં કુલ ૬ શાખા ધરાવતી બારડોલી નાગરિક સહકારી બેંકને તાજેતરમાં ફરી એકવાર રાષ્ટ્રીય કક્ષાના વિવિધ ૩ એવોર્ડ મળતાં અભિનંદન સાથે ગૌરવની લાગણી ફેલાઈ હતી.

ભારત દેશમાં કુલ 1433 અર્બન કો.ઓપ.બેંક કાર્યરત છે. જેની 12500 શાખામાં વાર્ષિક 9 લાખ કરોડનો વ્યાપાર થાય છે. શહેરી સહકારી બેંકોમાં છેલ્લાં 4 વર્ષથી CRAR 13% તથા 0% નેટ એનપીએ સાથે બારડોલી નાગરિક બેંકનું શેરભંડોળ રૂ.૧૪૧૯ લાખ રહેવા સાથે ડિપોઝિટમાં ભારે ઉછાળ આવતાં બેંક દ્વારા રૂ.૩૯૦૪૬ લાખ અને ધિરાણ રૂ.૨૫૭૫૬ લાખ રહેતાં ગત નાણાકીય વર્ષમાં બેંકનું એનપીએ 0% રહ્યું હતું. તાજેતરમાં પુના, મહારાષ્ટ્ર ખાતે ક્રેસ્ટ ઈન્ફોટેકની રાષ્ટ્રીય કક્ષાની મીટિંગમાં બારડોલી નાગરિક બેંકને બેસ્ટ કસ્ટમર સર્વિસનો એવોર્ડ એનાયત કરાયો હતો.

બેંક વતી મેનેજિંગ ડિરેક્ટર ડૉ.પુષ્પકાંત પાંડે તથા એજીએમ હરીશ છનીયારાએ એવોર્ડ સ્વીકાર્યો




હતો. બીજી તરફ ભારત કો.ઓપ. બેન્કિંગ સમિટની લખનૌ ખાતે યોજાયેલી 3 દિવસીય કોન્ફરન્સમાં ભારતની કો. ઓપ. બેંકોના વિશાળ સમૂહ વચ્ચે સમગ્ર ભારતના નેટવર્ક ગ્રુપની સમીક્ષા કરતાં સહકારી બેંકોને ભવિષ્યમાં આર્ટિફિશિઅલ ઈન્ટેલિજન્સ સંચાલનમાં પ્રોત્સાહિત કરી હતી. નાફ્કેબ ફેડરેશન સહિત મહારાષ્ટ્ર, ઉત્તર ભારત, આસામના અગણિત સહકારી સંચાલકોની હાજરીમાં બારડોલી નાગરિક બેંકને બેસ્ટ અર્બન કો. ઓપ. બેંક અને બેસ્ટ એનપીએ મેનેજમેન્ટ મળી અલગ અલગ બે એવોર્ડ એનાયત કરાતાં બેંકના ચેરમેન ડૉ.જયેશસિંહ સોલંકી, વાઈસ ચેરમેન ધનસુખ પટેલ તથા એમડી ડૉ.પુષ્પકાંત પાંડે દ્વારા એવોર્ડ સ્વીકારાયા હતા. બેંકના ચેરમેન તથા વાઈસ ચેરમેન દ્વારા બેંકની વિકાસગાથાને વેગવંતી બનાવાતાં બેંકના વિકાસ દરને 20% સુધી પહોંચાડવા માટે યોજનાઓ બનાવાઈ હોવાનું જણાતાં 11 જૂન-2026 બારડોલીની કામધેનુ તરીકે નવજાયેલી બેંકના સભાસદો, થાપણદારો અને ખાતેદાર ગ્રાહકો દ્વારા અભિનંદન અપાયાં હતાં.

## માંડવીમાં ૧૭ ભેંસ ભરેલો ટેમ્પો ઝડપાયો, ત્રણની અટકાયત

**રૂ.૯** લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો

માંડવી: માંડવી-મઢી રોડ પર સાઈધામ સોસાયટી સામે ગૌરક્ષકો અને ભગવા આર્મી સમિતિના કાર્યકર્તાઓની સતર્કતાને કારણે ૧૭ ભેંસ ભરેલો એક ટેમ્પો ઝડપી પાડવામાં આવ્યો છે. પોલીસે ત્રણ આરોપીની ધરપકડ કરી રૂ.૯ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

કામરેજના કઠોદરા ખાતે રહેતા ગૌરક્ષક નિલેશભાઈ ગોહિલને બાતમી મળી હતી કે, એક ટેમ્પો નં.(GJ-19-Y-4159)માં પશુઓને ખીચોખીચ ભરી ઝંખવાવથી વ્યારા તરફ લઈ જવાઈ રહ્યા


હિતેશ પટેલ

છે. આ આધારે કાર્યકર્તાઓએ વોચ ગોઠવી બપોરે ૨:૩૦ વાગ્યે ટેમ્પોને અટકાવ્યો હતો. તપાસ કરતાં ૧૭ ભેંસ મળી આવી હતી. પશુઓની હેરફેર માટે ડ્રાઈવર પાસે કોઈ પાસ કે પરમિટ નહોતી. આ ભેંસો મીનાજ મુલતાનીએ ભરાવી આપી હતી અને તેને મહારાષ્ટ્રના ધુલિયા બજારમાં વેચાણ માટે લઈ જવાતી હતી. ગાડી રોકવા બાબતે ટેમ્પો માલિકે કાર્યકર્તાઓ સાથે બોલાચાલી કરી હતી અને ડ્રાઈવર-ક્લીનરે ભાગવાનો પ્રયાસ કર્યો હતો, જેમાં ઝપાઝપી પણ થઈ હતી. બાદ ૧૧૨ નંબર પર જાણ કરાતાં માંડવી પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી. પોલીસે ટેમ્પો ચાલક અયાઝ હુસેન મકરાણી (ઉં.વ.૨૫) (રહે.,સાગબારા), ક્લીનર મુઝફ્ફર મકરાણી (ઉં.વ.૨૩) (રહે.,માંગરોળ) અને ટેમ્પો માલિક મીનાજ મુલતાની (ઉં.વ.૩૦) (રહે.,માંગરોળ)ની ધરપકડ કરી છે. પોલીસે રૂ.૩.૪૦ લાખની ભેંસો, રૂ.૫.૫૦ લાખનો ટેમ્પો અને રૂ.૧૦ હજારના મોબાઈલ મળી કુલ ૯ લાખનો મુદ્દામાલ જપ્ત કરી આગળની તપાસ હાથ ધરી છે.

## જૂના અંતુર્લીમાં દીપડી પાંજરે પુરાઈ



કુકરમુંડા: કુકરમુંડાના જૂના અંતુર્લી ગામની સીમમાં છેલ્લા બે-ત્રણ દિવસથી ખોરાકની શોધમાં ભટકતી એક દીપડી આખરે વન વિભાગના પાંજરામાં પુરાઈ ગઈ છે. તાપી નદી કિનારે આવેલા આ વિસ્તારમાં દીપડીના આંટાફેરાથી ખેડૂતો, પશુપાલકો અને મજૂરોમાં ભારે ભયનો માહોલ હતો. ગ્રામજનોની રજૂઆત બાદ નેસુ પૂર્વ રેન્જ વન વિભાગે દિલીપભાઈ રઘુનાથભાઈના શેરડીના ખેતરમાં પાંજરું ગોઠવ્યું હતું. શનિવારે વહેલી સવારે અંદાજે ૫ વાગ્યે દોઢથી બે વર્ષની આ દીપડી પાંજરામાં કેદ થઈ ગઈ હતી. વન વિભાગે તેનો કબજો મેળવી આગળની કાર્યવાહી હાથ ધરતાં સ્થાનિકોએ રાહત અનુભવી છે.


Milano MULTIPLEX

બારડોલી

Haunted
10:00am, 04:00pm, 10:00pm

Bharat bhahagya Viddhaata
01:00pm, 07:00pm

The Silent Saviour Governor -
12:00pm, 06:00pm

Badhu Alright Che-Gujarati
02:30pm, 05:30pm

Peddi - 11:00am, 09:30pm

Hai Jawani Toh Ishq Hona Hai
03:00pm, 09:00pm

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્ક: 98791 33333



વૃધ્ધાશ્રમમાં પ્રવેશ વિનામૂલ્ય

મહાવીર કલ્યાણ અને વિકાસ ટ્રસ્ટ સંચાલિત

મહાવીર વૃદ્ધાશ્રમ

—બીલીમોરા (વેસ્ટ)—

દાનની હાર્દિક અપીલ

નવસારી જિલ્લાના ગણદેવી તાલુકાના બીલીમોરા ખાતે આવેલ મહાવીર વૃદ્ધાશ્રમ છેલ્લા ૨૨ વર્ષથી નિરાધાર, જરૂરિયાતમંદ અને વડીલ માતા-પિતાની નિઃસ્વાર્થ સેવા કરી રહ્યું છે.




હાલમાં વૃદ્ધાશ્રમનું જૂનું બે માળનું મકાન દૂર કરીને નવા ત્રણ માળના આધુનિક અને સુવિધાસભર મકાનનું નિર્માણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ નવા નિર્માણથી ગરીબ, નિરાધાર, અંધ, અપંગ, વિકલાંગ, બહેરા-મુંગા તેમજ વિધવા બહેનોને વધુ સારી રહેઠાણ અને જીવન જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ થશે.

દાન આપનાર દાતાશ્રીને 80 G (5) હેઠળ કરમુક્ત

આજે આપનું દાન, આવતીકાલે નિરાધાર વૃદ્ધોના જીવનમાં નવી આશા.

દાન યોજનાઓ

| સંપૂર્ણ બિલ્ડીંગ માટે દાન | રૂમ દાન | ભોજનાલય દાન | ઓફિસ દાન | મુખ્ય પ્રવેશદ્વાર (ગેટ) |
|---|---|---|---|---|
| રૂ. 5 કરોડ | રૂ. 2,51,000 | રૂ. 10,00,000 | રૂ. 5,00,000 | રૂ. 51,00,000 |
| દાતાશ્રીની ઈચ્છા મુજબ સમગ્ર બિલ્ડિંગનું નામકરણ કરવામાં આવશે. | દરેક રૂમ પર દાતાશ્રીના નામની તકતી મુકવામાં આવશે. | ભોજનાલયમાં દાતાશ્રીના નામની તકતી મુકવામાં આવશે. | ઓફિસનું નામકરણ દાતાશ્રીના નામે કરવામાં આવશે. | મુખ્ય પ્રવેશદ્વાર દાતાશ્રીના નામે બનાવવામાં આવશે. |

આપનો નાનો કે મોટો દરેક સહયોગ વૃદ્ધાશ્રમના આ પવિત્ર કાર્યમાં અમૂલ્ય યોગદાન સાબિત થશે.

સંપર્ક પ્રમુખશ્રી
9925673021
02634 285121

સરનામું
મહાવીર વૃદ્ધાશ્રમ, બીલીમોરા (વેસ્ટ), તા. ગણદેવી, જિ. નવસારી.

નોંધ:- વૃદ્ધાશ્રમની મુલાકાત લેવા માટે તમામ મહેમાનોને હાર્દિક આમંત્રણ.